# ભારતમાં સ્ત્રી સશકિતકરણ અંગે જાગૃતતા

મહેશ્વરી શીતલ બી.
દાદા દુખાયલ કોલેજ ઓફ એજયુકેશન આદિપુર

## પ્રસ્તાવના

દરેક સમાજમાં સ્ત્રી અને પુરુષ સમાજ વ્યવસ્થાના મુખ્ય અંગો છે. સમાજના સાતત્ય અને સ્થિરતામા સ્ત્રી અને પુરુષ બંનેની ભૂમિકા મહત્વની છે. જો કે સમાજના વિકાસના જુદા જુદા તબકકાઓ અનુકૂળ થઈ થઈ રહે તે મુજબ સ્ત્રી અને પુરુષના કાર્યો તથા ભૂમિકાનું વિભાજન થયેલુ જોવા મળે છે. જે સમાજમાં કે કુટુંબમાં સ્ત્રીને પુરુષોની સમાન વિકાસની તકો સાંપડશે તે જ સમાજ કે કુટુંબમાં ઉન્નતિ અને વિકાસના સ્તરે પહોચી શકશે.પુરુષોની સમાન સ્ત્રીઓને દરેક ક્ષેત્રમાં સમાન અધિકારો આપવા અને અપાવવા માટે સ્ત્રી સશકિતકરણ અનિવાર્ય છે .બ્રિટિશ અમલ દરમ્યાન ભારતમાં પશ્વિમિ સંસ્કિૃતિનો પ્રવેશ થયો.તેના મૂલ્યો અને ધોરણોએ સ્વતંત્ર ભારતમાં સ્ત્રીની ભૂમિકામાં પરિવર્તન નિપજાવ્યુ. ત્યાર બાદ સ્વતંત્ર ભારતના બંધારણે સ્ત્રીઓને પુરુષોની સમકક્ષ તકો અને અધિકારો બક્ષ્યા હતા તેને અનુરુપ સામાજીક કાયદા અમલમાં મૂકવામાં આવ્યા. આ કાયદાઓના અનુસંધાને ભારતમાં સ્ત્રી ઉત્કર્ષના ક્ષેત્રે વધુ અસરકારક પગલાની ચોકકસ બંધારણીય જોગવાઈઓ થઈ.આમ છતાય સ્વતંત્ર ભારતના બંધારણે સ્ત્રીઓને પુરુષોની સમકક્ષ વિકાસની તકો અને અધિકારો બક્ષ્યા હતા. આમ છતાય હજુ કેટલાંક સમાજમાં સ્ત્રી સશકિતકરણની તાતી જરુરિયાત છે.આ જરુરિયાતને જોતા આ રિસર્ચ પેપરમાં ભારતમાં સ્ત્રી સશકિતકરણ અંગે જાગૃતતા લાવવા નાનો એવો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.જેથી દરેક સમાજની સ્ત્રીઓ દરેક ક્ષેત્રમાં આગળ આવે અને તેમનો યોગ્ય વિકાસ થાય ત્યારે જ સાચા અર્થમાં સ્ત્રી સશકિતકરણ થયુ કહેવાય.

## સમસ્યા કથન:

આ અભ્યાસ માટે નીચેની સંકલ્પના પસંદ કરવામાં આવી હતી.

" ભારતમાં સ્ત્રી સશકિતકરણ અંગે જાગૃતતા લાવવી"

## અભ્યાસના હેતુઓ:

૧ – ભારતમાં સ્ત્રી સશકિતકરણ અંગેના વિચારો જાણવા.

૨– ભારતમાં સ્ત્રી સશકિતકરણ અંગે સામાજીક જાગૃતતા જાણવી.

૩– ભારતમાં સ્ત્રી સશકિતકરણ અંગે શિક્ષકોની જાગૃતતા જાણવી.

## અભ્યાસના પ્રશ્નો:

૧ –સ્ત્રી સશકિતકરણ અંગેના વિચારો કેવા હશે?

૨–સ્ત્રી સશકિતકરણ અંગે સામાજિક જાગૃતતા કેવી હશે?

૩–સ્ત્રી સશકિતકરણ અંગે શિક્ષકોની જાગૃતતા કેવી હશે?

## અભ્યાસનું મહત્વ:

ભારતના બંધારણે સ્ત્રી પુરુષને સમાનતાની ખાતરી આપી છે. સ્ત્રી પુરુષ વચ્ચે અસમાનતા કે ભેદભાવો કે સામાજિક વ્યવસ્થાનું પરિણામ છે.એક સ્ત્રી શિક્ષિત બને તો એક ઘર, એક સમાજ અને અંતે એક રાષ્ટ્ર શિક્ષિત બને છે.સ્ત્રી સમગ્રપ્રકિ્રયાનું કેન્દ્ર બિંદુ છે.આમ છતાં સ્ત્રી સશકિતકરણમાં સામાજિક, આર્થીક,વહીવટ, શૈક્ષણિક,રાજકીય,સાસ્કૃતિક,ધાર્મિકક્ષેત્રે યોગદાન તક

તથા નિર્ણય લેવાની પ્રક્રિયામાં અસમાનતા જોવા મળે છે. આ અસમાનતા સમગ્ર ઔધોગિક દેશોમાં તથા એક જ દેશના વિવિધ સમાજો જાતિઓ તથા વિવિધ ક્ષેત્રોમાં જુદી જુદી છે. પ્રસ્તુત અભ્યાસથી સ્ત્રી સશકિતકરણમાં સ્ત્રીઓની ભાગીદારી વિશે જાણી શકાશે.સ્ત્રી સશકિતકરણ અંગે સમાજમાં સ્ત્રી જાગૃતતા વિશે જાણી શકાશે.સ્ત્રી પુરુષ સમાનતા વિશે જાણી શકાશે.સ્ત્રી સશકિતકરણ દ્વારા સ્ત્રીઓનું સામાજિક, આર્થીક , શૈક્ષણિક યોગદાન વિશે જાણી શકાશે.

## વ્યાપ વિશ્વ:

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે કચ્છ જિલ્લામાં આવેલ તમામ બી.એડ કોલેજના તાલીમાર્થીઓનો વ્યાપ વિશ્વ તરીકે સમાવેશ થયો છે.

## નમૂનો:

દાદા દુખાયલ કોલેજ ઓફ એજયુકેશન આદિપુરમાં શૈક્ષણિક વષ ૨૦૧૭–૨૦૧૮ના વર્ષ દરમ્યાન અભ્યાસ કરતા બધા જ તાલીમાર્થીઓ નમૂના તરીકે લેવામાં આવ્યા હતા. જેમાં કુલ તાલીમાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ઉપકરણ અને માહિતી એકત્રિકરણની રીત:

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે તાલીમાર્થીઓ પાસેથી મુલાકાત લઈને નિબંધાત્મક રૂપથી માહિતી મેળવી હતી.જેમાં સમય મયાર્દાની દષ્ટિએ લવચિક રાખવામાં આવી હતી.આમ છતા તાલીમાર્થી ઓને ૧૫ મિનિટ જેટલો સમય આપવામાં આવ્યો હતો.અભ્યાસ કે જાત તાલીમાર્થી ઓની માહિતીનુ એકત્રિકરન કરવામાં આવ્યુ હતુ.

## માહિતી વિશ્લેષણની રીત:

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી વર્ણનાત્મક સ્વરુપમાં મેળવવામાં આવી હતી.તેમજ મળેલ માહિતીમાં સમાનતા ના ધોરણે વ્લિેષણ કરવામાં આવ્યુ હતુ.

## તારણો:

પ્રસ્તુત અભ્યાસના તારણો નીચે મુજબ હતા

૧– જો સ્ત્રી સશકત નહી હોય તો સમાજમાં તેનો ફાળો યોગ્ય નહી થાય.

૨– જો સ્ત્રી શિક્ષિત નહી હોય તો સ્ત્રી સશકિતકરણના કોઈ પણ કાર્યકમમાં આગળ નહી આવે.

૩–જો સમાજમાં દરેક સભ્યો વચ્ચે એકતા હશે તો સ્ત્રી સશકિતકરણ થઇ શકે.

૪–જો આર્થીક, સામાજીક, શૈક્ષણિક, ધાર્મિક દરેક ક્ષેત્રમાં પુરુષોની સમાન સ્ત્રીને હકો પાપ્ત થશે તો સાચુ સ્ત્રી સશકિતકરણ થાશે.

## સારાંશ:

પ્રસ્તુત અભ્યાસ ભારતમાં સ્ત્રી સશકિતકરણ ઉપર કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસમાં કચ્છ જિલ્લામાં આવેલ તમામ બી.એડ કોલેજોમાંથી માત્ર આદીપુર ખાતે આવેલ દાદા દુખાયલ બી.એડ કોલેજમાંથી આકસ્મીક રીતે હાજર રહેલ તાલીમાર્થી બહેનોને મળીને માહિતી એકત્રિત કરવામાં આવી હતી.તેમની પાસે મળેલ માહિતીને આધારે ભારતમાં સ્ત્રીઓમાં સ્ત્રી સશકિતકરણ અંગે જાગૃતતા કેટલી છે તે બાબતની પ્રસ્તુત અભ્યાસમાં મળેલ માહિતીને આધારે નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો.જો સ્ત્રી સશકત નહી હોય તો સમાજમાં તેનો ફાળો અન્ય વ્યકિતઓની તુલનામાં ઓછો હશે. જો સ્ત્રી શિક્ષિત નહી હોય તો પોતે સ્ત્રી સશકિતકરણનાં કોઈ પણ કાર્યકમમાં આગળ આવવા કચડાશ અનુભવશે. સ્ત્રીઓના મંતવ્યો પ્રમાણે તો સમાજમાં દરેક સભ્યો વચ્ચે એકતા હશે તો જ સાચા શબ્દોમાં સ્ત્રી સશકિતકરણ થઈ શકશે. જો આર્થીક, સામાજીક, શૈક્ષણિક, ધાર્મિક દરેક ક્ષેત્રમાં પુરષો સમાન સ્ત્રીને અધિકાર પાપ્ત થશે તો જ સાચુ સ્ત્રી સશકિતકરણ થઈ શકશે.